# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. ભારતના યજમાન પદે બ્રિક્સ સમિટનો આવતીકાલથી નવી દિલ્હીમાં આરંભ – બ્રિક્સ દેશોના વડાઓનું નવી દિલ્હીમાં આગમન.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિક્સ દેશોના વડાઓ સાથે અલગ અલગ દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.
3. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે આજે દરેક દેશની આર્થિક વ્યૂહરચના માટે આત્મનિર્ભરતા અને કટોકટીની સ્થિતિસ્થાપકતા મહત્વપૂર્ણ.
4. સ્થાનિક શેરબજારના સંવેદનશીલ સૂચકાંકમાં ઘટાડો જોવા મળ્યો.
5. પુરુષ જુનિયર એશિયા કપ હોકીની સેમિફાઇનલમાં આજે ભારત મલેશિયા સામે ટકરાશે..

-----------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY BRICS SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આવતીકાલથી શરૂ થઈ રહેલી 18 મી બ્રિક્સ સમિટ માટે વિશ્વભરના નેતાઓ નવી દિલ્હી આવી રહ્યા છે. વૈશ્વિક કલ્યાણના ઉદ્દેશ સાથે યોજાઇ રહેલા આ સંમેલનમાં વિવિધ મુદ્દાઓ પર સકારાત્મક અને અર્થપૂર્ણ ચર્ચા થશે, તેવો વિશ્વાસ શ્રી મોદીએ વ્યક્ત કર્યો.

ભારત મંડપમ ખાતે યોજાનારી બે દિવસીય સમિટમાં અગિયાર મુખ્ય ઉભરતી અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ એક સાથે આવશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સહિત વિશ્વના નેતાઓ આ સમિટમાં ભાગ લેશે.

બ્રિક્સ સમિટ પહેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી શક્યતા છે. પ્રધાનમંત્રી આજે સાંજે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે વાતચીત કરશે. શ્રી મોદી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને પણ મળશે.

# REV LEADERS-BRICS ARRIVAL

18 મી બ્રિક્સ બેઠક માટે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા અને યુગાન્ડાના ઉપપ્રમુખ જેસિકા અલુપો નવી દિલ્હી પહોંચ્યા છે. કેન્દ્રીય મંત્રી જયંત સિંહે એરપોર્ટ પર બંને નેતાઓનું સ્વાગત કર્યું હતું. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ભારત અને દક્ષિણ આફ્રિકા વ્યૂહાત્મક ભાગીદારીમાં ઐતિહાસિક સંબંધો ધરાવે છે.

દરમિયાન, નાઇજીરીયાના વિદેશ મંત્રી બિઆન્કા ઓડુમેગ્વુ-ઓજુકવુ અને ઉરુગ્વેના વિદેશ મંત્રી મારિયો લુબેટકીન પણ સમિટમાં હાજરી આપવા માટે નવી દિલ્લી પહોંચ્યા છે. શ્રી લુબેટકીન બ્રિક્સ સમિટમાં લેટિન અમેરિકન અને કેરેબિયન રાજ્યોના સમુદાયનું પ્રતિનિધિત્વ કરશે.

# REV. BRICS BUSINESS FORUM – 1

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે આજે દરેક દેશની આર્થિક વ્યૂહરચના માટે આત્મનિર્ભરતા અને કટોકટીની સ્થિતિસ્થાપકતા મહત્વપૂર્ણ બની ગઈ છે. વધુમાં, મજબૂત સહયોગ અને ભાગીદારી દ્વારા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ડૉ. જયશંકરે આજે સવારે નવી દિલ્હીમાં બ્રિક્સ વેપાર મંચને સંબોધતા આ નિવેદન આપ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે બ્રિક્સમાં વિવિધ પરંતુ પૂરક સંસાધનો, બજારો, ક્ષમતાઓ અને અનુભવો ધરાવતી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. શ્રી જયશંકરે કહ્યું કે આ જૂથ સભ્ય દેશોને તેમના અનુભવો અને નીતિઓની તુલના કરવા, નક્કર પદ્ધતિઓને મજબૂત કરવા અને નવી તકો શોધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

## (બાઇટ – જયશંકર બ્રિક્સ)

*("બ્રિક્સ કે લિયે યહ વર્ષ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હૈ ક્યોંકિ હમ સંસ્થાગત બ્રિક્સ સહયોગ કે ૨૦ વર્ષ પૂરે હોને કા ઉત્સવ મના રહે હૈં। ઇસ અવધિ મેં બ્રિક્સ ને અપની સદસ્યતા, ઉદ્દેશ્ય અને સહયોગ ઢાંચે મેં કાફી પ્રગતિ કી હૈ। ભારત કી અધ્યક્ષતા મેં ઇસ વિકાસ કો આગળ બઢાને કા પ્રયાસ જારી હૈ।")*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે. આ વર્ષે ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સનો વિષય, "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" આ વિકાસને આગળ વધારવાનો પ્રયાસ કરે છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રિક્સ દેશોને અપીલ કરી છે કે તેઓ તેમની આર્થિક શક્તિને તેમના નાગરિકો માટે નોકરીઓ, સંપત્તિ અને સમૃદ્ધિમાં પરિવર્તિત કરવા માટે સાથે મળીને કામ કરે. તેમણે નોંધ્યું કે બ્રિક્સ દેશો વિશ્વની લગભગ અડધી વસ્તી અને વૈશ્વિક જીડીપીના લગભગ 40 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. શ્રી ગોયલે નવી દિલ્હીમાં બ્રિક્સ વેપાર મંચ 2026 ના ઉદ્ઘાટન

# REV. BRICS BUSINESS FORUM – 2

સત્રને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે બ્રિક્સ હવે વૈશ્વિક વેપારમાં લગભગ એક ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે, જેમાં ભારત બ્રિક્સ દેશોમાં વેપારના એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી રહ્યું છે.

**(બાઇટ – પિયુષ ગોયલ – બ્રિક્સ)**

*("ब्रिक्स संगठन आज वैश्विक व्यापार के लगभग एक चौथाई हिस्से का प्रतिनिधित्व करता है और भारत इसका एक महत्वपूर्ण स्तंभ है। भारत में निर्मित अभियांत्रिकी में प्रयोग होने वाले साजो-सामान और इलेक्ट्रॉनिक उपकरणों में भारत का निर्यात सर्वाधिक है। भारत को दुनिया की फार्मेसी के रूप में भी जाना जाता है। हम ब्रिक्स को इन और अन्य उत्पादों के लिए एक महत्वपूर्ण बाजार के रूप में देखते हैं जिन्हें भारत एक विश्वसनीय साझेदार के रूप में दुनिया तक ले जाना चाहता है।")*

# SITHARAMAN-RUSSIAN MINISTER

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે બ્રિક્સ સમિટ પહેલા નવી દિલ્હીમાં રશિયન ફેડરેશનના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મન્ટુરોવ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં નિર્મલા સીતારમણે જણાવ્યું કે બંને નેતાઓએ પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરીને વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવા પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

# BJP-ASSAM LS BYPOLL

ભારતીય જનતા પાર્ટીએ આસામની નાગાંવ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે દેવાશીષ શર્માને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. કેન્દ્રીય ચૂંટણી સમિતિએ તેમની ઉમેદવારીને મંજૂરી આપી છે. લોકસભા પેટાચૂંટણી માટેનું જાહેરનામું ગયા અઠવાડિયે જારી કરવામાં આવ્યું હતું. ઉમેદવારો 16મી તારીખ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે. મતદાન 6 ઓક્ટોબરે થશે. મતગણતરી 9 ઓક્ટોબરે થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# VICE PRESIDENT GUJARAT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને સિલવાસાની મુલાકાત લેશે. તેઓ સિલવાસાના અબ્દુલ કલામ ઓડિટોરિયમ ખાતે જનસભાના કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ નમો મેડિકલ કોલેજ સહિત વિવિધ વિકાસકાર્યોની મુલાકાત લેશે.

ઉપરાષ્ટ્રપતિ સાંજે મોટી દમણના જેમ્પોર બીચ તેમજ નાની દમણના નાઇટ માર્કેટ અને નમો બીચ ખાતે ચાલી રહેલા વિકાસકાર્યોની પણ મુલાકાત લેશે.

# STOCKS 1300

આજે બપોરના કારોબારમાં સ્થાનિક શેરબજારના સંવેદનશીલ સૂચકાંકમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. છેલ્લા સમાચાર મુજબ, સેન્સેક્સ 384 પોઈન્ટ ઘટીને 74 હજાર 519 પર પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી 139 પોઈન્ટ ઘટીને 23 હજાર 338 પર પહોંચ્યો હતો.

# G20 ENERGY MEETING

ઉર્જા અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહરલાલ ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન અમેરિકાના હ્યુસ્ટનમાં યોજાનારી G-૨૦ ઉર્જા મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. અમેરિકાના G-૨૦ પ્રમુખપદ હેઠળ આયોજિત આ બેઠકમાં ઉર્જા મંત્રીઓ અને G-૨૦ દેશોના વરિષ્ઠ પ્રતિનિધિઓ વૈશ્વિક ઉર્જા સુરક્ષા, પોષણક્ષમ ઉર્જા, માળખાગત વિકાસ અને મજબૂત ઉર્જા પુરવઠા શૃંખલાઓ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ઉર્જા મંત્રાલયે માહિતી આપી હતી કે મંત્રી ત્રણ મુખ્ય વિષયવસ્તુ પર મંત્રી સ્તરીય સત્રોમાં ભાગ લેશે: જેના વિષય છે "ઊર્જા સુરક્ષા અને પોષણક્ષમ બેઝલોડ ઉર્જા","મંજૂરી અને નિયમનકારી પ્રક્રિયામાં કાર્યક્ષમતા" અને "મહત્વપૂર્ણ ખનિજો અને મજબૂત પુરવઠા શૃંખલાઓ".

# BHUPENDER-FOREST MARTYRS DAY

આજે રાષ્ટ્રીય વન શહીદ દિવસ મનાવાઈ રહ્યો છે. આ દિવસ દેશના જંગલો, વન્યજીવ અને જૈવવિવિધતાના રક્ષણ દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા બહાદુર વન રક્ષકો, રેન્જર્સ અને સમુદાયના સભ્યોને શ્રદ્ધાંજલિ આપવા મનાવાય છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે ટકાઉ ભવિષ્ય માટે સર્વોચ્ચ બલિદાન આપનારા વન અધિકારીઓને શ્રદ્ધાંજલિ આપતા સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, ભારતની વ્યાપક જૈવવિવિધતાનું રક્ષણ વન અધિકારીઓના સમર્પિત કાર્યબળ દ્વારા કરવામાં આવે છે.

ગુજરાતમાં ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય વન શહીદ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વન શહીદોને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા.

# REV BRENT CRUDE PRICE HIKE

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે આજે બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ ચાર મહિનાના ઉચ્ચતમ સ્તર 108.77 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. જે 107.75 ડોલર પ્રતિ બેરલ પર રહ્યા હતા. છેલ્લા અઠવાડિયામાં બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવમાં ૧૨ ટકાથી વધુનો વધારો થયો છે, જેના કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠા અંગે ચિંતા વધી છે.

પશ્ચિમ એશિયા સંઘર્ષનો સમયગાળો અને ક્રૂડ ઓઇલના ઊંચા ભાવનો સમયગાળો ભારતની આર્થિક પરિસ્થિતિ માટે મુખ્ય પરિબળો રહેશે.

# HOCKEY

પુરુષ જુનિયર એશિયા કપ હોકીની સેમિફાઇનલમાં આજે ભારત મલેશિયા સામે ટકરાશે. આ મેચ ચીનના મોકીમાં બપોરે સાવ બે વાગે વાગ્યે શરૂ થશે.

પાંચ વખતના ચેમ્પિયન ભારતે પૂલ A ના અંતિમ મેચમાં ચાઇનીઝ તાઇપેઈને 15-0 થી હરાવ્યું. ભારત પૂલ A માં 10 પોઈન્ટ, ત્રણ જીત અને એક ડ્રો સાથે ટોચ પર રહ્યું.

દરમિયાન, મલેશિયાએ પૂલ B માં ચીનને 1-0 થી હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.

બીજા સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાનો સામનો પાકિસ્તાન સામે થશે.